Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૮ (ચાલુ), વીર સં. ૨૫૦૦
વિ. સં. ૨૦૩૦ માગશર

तहेव - डहरं महल्लगं वा
इत्थी पुमं पुव्वइयं गिहिं वा ।
नो हीलए नो वियखिंसएज्जा
थभं च कोहं च चए स पुज्जो ॥

જે બાળક. વૃદ્ધ, સ્ત્રી, પુરુષ, સાધુ અને ગૃહસ્થ વગેરે કોઈનું પણ અપમાન તથા તિરસ્કાર કરતો નથી, જે ક્રોધ અને અભિમાનનો પૂર્ણપણે ત્યાગ કરે છે, તે જ પૂજ્ય છે.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

પુસ્તક : ૭૧ ] ડીસેમ્બર : ૧૯૭૩ [ અંક : ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ....નુ....ક્ર....મ....ણિ....કા


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧ | "વીર" નિર્વાણ | .... | દેસાઈ જગજીવનદાસ જે. જૈન | ૧૭ |
| ૨ | ગૃહદીપ–નારી | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૮ |
| ૩ | નિમિત્તની પ્રબલતા | .... | પૂજ્ય આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પં. શ્રી હેમચંદ્રવિજયજી ગણી (વ્યાકરણ તીર્થ) | ૨૨ |
| ૪ | ભગવાન શ્રી મહાવીર દેવની વાણીનો અદ્ભુત પ્રભાવ | .... | શ્રી દેશાઇ શૈલેશ એસ. | ૨૪ |
| ૫ | સ્ત્રી–મુક્તિ–એક યથાર્થ | .... | પ. શ્રી ઉદય જૈન | ૨૬ |
| ૬ | શ્રાદ્ધ, પ્રતિક્રમણનાં સૂત્રો, નામાન્તરો અને વિષય વૈવિધ્ય | .... | હિરાલાલ ર. કાપડીયા | ૩૧ |


## આ સભાના નવા આજીવન સભ્ય

વાસા અમીલાલભાઇ ફુલચંદ–મુંબઇ

## સાભાર ગ્રંથ સ્વીકાર

કર્મ સિદ્ધાંત રૂપરેખા અને પૌઢ ગ્રંથો

પ્રકાશક : શા મઘરાજ ખુમચંદજી વાઈવાલા

# સ્વ. પુણ્યવિજય સ્મૃતિ અંક

વાચકબંધુઓને જણાવવાનું કે 'શ્રી આત્માનંદ પ્રકાશ'નો હવે પછીનો ખાસ અંક જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસના સંયુક્ત અંક રૂપે સ્વ. પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી સ્મૃતિ અંક તરીકે ફેબ્રુઆરી માસમાં પ્રગટ થશે. અનેક સાહિત્યિક લેખો, મુનિજીના જીવનના વિવિધ પાસાઓ તેમજ વિવિધ ફોટાઓ વગેરે સામગ્રીથી સભર આ દળદાર અંક તૈયાર થઈ રહ્યો છે.

પ્રકાશન સમિતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૭૧ ] વિ. સં. ૨૦૩૦ માગશર ઈ. સ. ૧૯૭૩ ડીસેમ્બર [ અંક : ૨

# "વીર" નિર્વાણ

સુનો સુનો રે પામર પ્રાણી વીરપ્રભુ વાણી,
છેલ્લી વાણી છેલ્લો દિપક, બુઝાતો જાણી;
ધબકે હૈયાં નયને અશ્રુ, વહ્યાં નિરંતર પાણી,
ગૌતમના દિલ ભરી વેદના, છે પ્રભુ રહ્યા પામી. સુનો૦
થંભ્યા જલ છે થંભ્યો વાયુ, થંભી આભ અટારી,
જલથલ થંભ્યા થંભ્યો વાયું, ન થંભ્યા વીર પ્રભુ જ્ઞાની. સુનો૦
ઝબકે મુગટ ઝળકે જીવન, અઢાર દેશના સ્વામી,
વીર પિતાને વિદાય દેવા, વ્રત પૌષધ લીધાં જાણી. સુનો૦
હસે હસે છે વીર પિતા જ્યાં, રોતાતાં પ્રાણી,
માનવ વૃંદોના આક્રંદે, ધરતી ત્યાં ભીંજાણી. સુનો૦
"ત્યાં તો ગંભીર થઈને બોલ્યા, વીર પિતા વાણી–
મા–હણો, મા–હણો, કહેતાં કહેતાં વિદાય છેલ્લી આણી."
પુષ્પ વૃષ્ટિ જ્યાં થઈ રહી છે,
દેવ દુંદુભી ગાજે;
સિદ્ધનગરના, પથપરે,
એક વિરાટ તેજ પ્રકાશે.
પૂર્ણ કરી કાર્યો એ ચાલ્યા, બન્યા નિરંજનકારી. સુનો૦
પાવનપૂરી આંગણુ તારે છેલ્લી વાત રચાણી,
માનવ જગના મહાસંતની જ્યોતિ ત્યાં બુઝાણી. સુનો૦
અંધાર થયો અવનિમાં આજે રોનક ગઈ રોળાઈ,
દીપ જલાવો ! દિપ ઝલાવો !! ઘર ઘર પ્રગટાવો દીપાવલી. સુનો૦

—દેસાઈ જગજીવનદાસ જે. જૈન–બગસરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગૃહદીપ–નારી

લેખક : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

ભારતીય લોકકથાઓમાં રાણી વિદ્યાવતીની વાત બહુ પ્રસિદ્ધ છે.

વિદ્યાવતી એક વખત રાજાની સાથે હાથી પર બેસી વનવિહાર અર્થે જઇ રહી હતી. માર્ગમાં જંગલ જેવા ભાગમાં એક વિશાલ વૃક્ષની છાયા નીચે એક મહા દરિદ્ર કઠિયારો સૂતેલો હતો. કપડાં ફાટેલા હતા અને પૂરતા અન્નના અભાવે પેટ પાતાળ ગયેલું જણાતું હતું. રાજાએ કઠિયારાની સામે દ્રષ્ટિ કરી વિદ્યાવતીને કહ્યું: દરિદ્રતાની સાક્ષાત્ મૂર્તિજ છે ને!'

વિદ્યાવતીએ કઠિયારાની આરપાર દૃષ્ટિ કરી કહ્યું: 'રાજન્! લાગે છે કે આ માણસની પત્ની કોઈ કુવડ અને એદી હશે. પતિના મેલાં કપડાં ધોવાની અને ફાટેલા કપડાંને સાંધી આપવાની તો પત્નીની ફરજ ખરી કે નહીં?' રાજા અને વાંદરા વચ્ચે કોઈ કોઈ વાતમાં ભારે સામ્યપણું હોય છે. કઠિયારાની પત્નીનાં દોષ જોતી વિદ્યાવતી માટે રાજાએ વિચાર્યું: આ રાણીમાં અભિમાનનો કોઇ પાર નથી. કઠિયારાની દરિદ્રતામાં તેને જેમ એની પત્ની કારણરૂપ લાગે છે, તેમ મારે આવી બધી સાહ્યબી અને જાહોજલાલી છે તેના કારણરૂપ પણ તે પોતાની જાતને કેમ ન માનતી હોય? તેની આવી માન્યતાનો આવો જ અર્થ થઇ શકે. પણ આ અભિમાની સ્ત્રીની શાન હું ઠેકાણે લાવું તો જ સાચો રાજા.

રાજા કશું ન બોલતાં વિચારમાં પડયો એટલે વિદ્યાવતીએ સામે જોઈ કહ્યું: રાજન્! કેમ કાંઇ જવાબ ન આપ્યો? તમને શું મારી આ વાત ન રૂચી?'

રાજાએ વેધક દૃષ્ટિએ રાણી સામે જોઇ કહ્યું: 'વિદ્યાવતી! તમારા કથનનો તાત્વિક અર્થ તો એવો થાય કે પુરૂષ માત્રના સુખદુઃખનો આધાર તેની પત્ની પર નિર્ભર છે પુરૂષ સુખી હોય તો તેનું કારણ તેની પત્નીની ચતુરાઇ અને દુઃખી હોય તો તેનું કારણ તેની પત્નીની કુવડતા. એટલે પુરૂષના સુખદુઃખનો આધાર તેની પત્ની પર રહે છે. અને પુરૂષ તો જાણે બીચારો માટીનું પૂતળું! પણ ત્યારે તમે પોતે જ આ વાત પૂરવાર કરી બતાવોને! તમે આ કઠિયારાના ઘરે જાઓ, એની સ્ત્રીને ચતુર બનાવો અને તેના દ્વારા આ કઠિયારાને સુખી કરી બતાવો તો હું જરૂર માનું કે તમારી વાત સાચી.

વિદ્યાવતીએ માર્મિક રીતે હસીને કહ્યુઃ 'નાથ! આમાં તે આપે શી મોટી વાત કરી? હવે તો મારે આપને આ વાતની ખાતરી કરાવવી જ રહી. પણ આ કઠિયારાના દારિદ્રયને દૂર કરવામાં હું આપની અગર મારા પિયરની કોઈ વસ્તુનો ઉપયોગ કરૂં તો તે પણ ખોટું છે. મારે આ કઠિયારાની દરિદ્રતા અપનાવીને જ તેની દરિદ્રતા દૂર કરવાની રહે છે.' પછી તો રાણીએ પોતાના અંગ પરથી એક પછી એક અલંકાર કાઢીને રાજાને સોંપ્યા અને પોતે હાથી પરથી ઊતરી ગઈ.

રાજાએ જોયું કે વિદ્યાવતીને ચાનક લાગી, પણ થયું કે ભલે લાગી. આ માર્ગે જ તેને સાચી વસ્તુનું ભાન થશે કે પુરૂષના સુખદુઃખનો આધાર તેની પત્ની પર નથી, પણ સ્ત્રીના સુખ દુઃખનો આધાર તેના પતિ પર છે. વિદ્યાવતી કઠિયારાની પાસે પહોંચે તે અગાઉ તો રાજાએ પોતાના હાથીને આગળ ચલાવ્યો. નાની એવી વાતને મોટું રૂપ અપાઇ ગયું.

વિદ્યાવતીએ પેલા કઠિયારાની પાસે જઇ કહ્યુંઃ 'ભાઇ! તમે આમ સૂનમૂન કેમ સૂતાં છો? મને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તમારી બેન જ માનો 'ચાલો આપણે ઘેરે જઇએ. હું તમારે ત્યાં રહી તમારા કુટુંબની સેવા કરીશ !'

કઠિયારાએ પ્રથમ તો આનાકાની કરી અને કહ્યું: 'બેન ! મારે તો માત્ર એક ઝુંપડી છે અને મારી સ્ત્રી ભારે કર્કશા છે. એવી સ્ત્રીના સહવાસ કરતાં આ વૃક્ષની છાયા શી ખોટી છે ?"

વિદ્યાવતીએ કહ્યું: 'ભાઈ ! કોઈપણ સ્ત્રીને કજીયો, કલેશ અને કંકાસ પ્રિય નથી હોતા. એને પણ સુખ અને શાંતિ પ્રિય હોય છે. તો હું તમારી સાથે રહી તમારા સંસારને સ્વર્ગ બનાવવા ઇચ્છું છું. મૃત્યુ બાદ સ્વર્ગ પ્રાપ્ત કરનારને પણ એ સ્વર્ગની ઝાંખી તો સંસારમાં જ થઇ જવી જોઇએ.'

કઠિયારાને આ બાઈ દયાની દેવી જેવી લાગી અને લાકડાંનો ભારો લઇ વિદ્યાવતી સાથે પોતાની ઝુંપડી તરફ પ્રયાણ કર્યું. પતિની સાથે કોઈ ઉજળા વર્ગની સ્ત્રી જોઈ કઠિયારાની પત્નીએ શાંતિ રાખી. વિદ્યાવતીને ધર્મની બહેન તરીકે ઓળખાવી અને આપણી સહાય અર્થે આપણી સાથે થોડા દિવસો રહેવા આવી છે એમ કહ્યું, ત્યારે તે જરા ઊકળી ઊઠી. વિદ્યાવતીને તેણે કહ્યું: 'બેન ! તમે તો કોઈ સુખી ઘરના લાગો છો અને અહિં તો તમને છાશ-રોટલો મળવા પણ મુશ્કેલ થશે. વિદ્યાવતીએ કહ્યું: 'ભાભી ! આ ઘરમાં સુખ પ્રાપ્ત કરવા નહીં પણ હું તો તમારા દુઃખમાં ભાગીદાર થવા માટે આવી છું. આપણે સાથે મળીને આ ઝુંપડીને મહેલમાં ફેરવી નાખશું.'

લાકડાની ભારી વેચવાથી કઠિયારાને માત્ર એક રૂપિયો મળતો. તે દિવસે વિદ્યાવતીએ એના ત્રણ ભાગ કર્યાં અને એક એક ભારી કઠિયારા અને તેના બંને પુત્રોને આપી કહ્યું: 'તમે પ્રયત્ન કરશો તો દરેકના બાર બાર આના આવી જશે.' એમજ બન્યું અને તે દિવસે એક રૂપિયાને બદલે સવા બે રૂપિયા પ્રાપ્ત થયા.

પછી સૌ પ્રથમ તો વિદ્યાવતીએ જાતે ઝુંપડીમાંથી બધો કચરો દૂર કરી, સ્વચ્છ કરી બજારમાંથી સોય-દોરા મંગાવી બધા ફાટેલા-તૂટેલા કપડાં ઠીકઠાક કર્યાં. આવક બમણી થઈ ગઇ એટલે ઘરમાં જરૂરી એવી વસ્તુઓ પણ વસાવી. છાશ-રોટલાને બદલે હંમેશા રોટલી, દાળ-ભાત અને શાક મળવા લાગ્યા. વિદ્યાવતી ઘરમાં બંને બાળકો જે દશ અને બાર વર્ષની વયના હતા તેમને અભ્યાસ કરાવવા લાગી અને પછી તો નિશાળમાં પણ તેમને દાખલ કર્યાં.

ઘરમાં પતિ-પત્ની વચ્ચે ઝઘડો હતો તેના મૂળમાં ગરીબાઈ અને દરિદ્રતા હતા. કઠિયારો ઘરથી કંટાળે એટલે દુઃખને દૂર કરવાને બદલે તેને વીસરવા દારુના પીઠામાં જઈ દારુ ઢીંચી આવતો. તેની પત્ની શા કારણે પતિ દારૂ પીવે છે તે સમજવાના પ્રયત્નો કરવાને બદલે તેની સાથે વધુને વધુ ઝઘડતી. ઘરમાં આવા વાતાવરણને કારણે બાળકો પર પણ કુસંસ્કારની છાપ પડતી.

વિદ્યાવતીએ કઠિયારાની પત્નીને સમજાવીને કહ્યું કે ઘરમાં પુરૂષને જો શાંતિ અને સંતોષ પ્રાપ્ત નથી થતા તો તેને દુઃખ અને અશાંતિ ઉત્પન્ન થાય છે અને આવા દુઃખ અશાંતિને વીસરવા તે દારૂ અને એવા બીજા ખોટા વ્યસનો તરફ વળતો હોય છે. ગરીબાઇને પાપ કે દુઃખ માનવું એ સમજણ ખોટી છે. ગરીબાઇમાં પણ પતિ-પત્ની જો ડાહ્યા અને સમજુ હોય તો આનંદપૂર્વક મસ્ત જીવન જીવી શકે છે. ઘરમાં પતિ-પત્ની વચ્ચે ઐકયતા અને એક ગાંઠ હોય તો ગમે તેવા દુઃખો અને આફતોનો સામનો કરી શકાય છે.

કઠિયારાને પણ સમજાવ્યું કે પત્ની એ તો પતિની સહધર્મચારિણી છે. બંનેએ ખભેખભા મિલાવી એક બીજાના સુખદુઃખને પોતાના માની લેવાના હોય છે. સ્ત્રી સમાન્ય રીતે સ્વમાન અને પ્રશંસાની ભૂખી હોય છે. બાર માસના બાળકને પણ પોતાનું સ્વમાન ભંગ થાય એ નથી ગમતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો સ્ત્રીને કેમ ગમે? લગ્ન વખતે બોલાતા મંત્રોમાં પતિ–પત્ની અરસપરસ એક બીજાને કહે છે, તારા આત્મા સાથે મારો આત્મા જોડું છું અને પ્રાણની સાથે પ્રાણ.' જીવનમાં લગ્નનો આવો આદર્શ જો સિદ્ધ થાય તો એવા સ્ત્રી–પુરૂષો પોતાના સાથીને જન્મજન્માંતરમાં પણ કદી ભૂલી શકતાં નથી.

પછી તો ઘરનું વાતાવરણ ફરી ગયું. કઠિયારાને ઘરમાં જ શાંતિ અને આનંદ પ્રાપ્ત થવા લાગ્યા, એટલે દારુની કુટેવ અને બીજા વ્યસનો આપો આપ છુટી ગયા. ઘરમાં પત્નીથી સંતોષ હોય તેવા પતિને કોઈપણ પ્રકારની એબ સ્પર્શી શકતી નથી. પુરુષના નિષ્કલંક અને સ્ફટિક જેવા શુદ્ધ ચારિત્રના મૂળમાં તેની માતા અને પત્નીનો જ મહત્ત્વનો હિસ્સો હોય છે–પુરુષ તે જાણતો હોય કે ન જાણતો હોય છતાં પણ.

વિદ્યાવતીએ ચરખો લીધો અને કાંતવાનું શરૂ કર્યું. કઠિયારાની પત્નીને પણ કાંતતા શીખવાડ્યું. કઠિયારો પણ જંગલમાં દૂર દૂર જઈ સુખડના કાષ્ઠો કાપી આવતો અને તેના ભારોભાર રૂપિયા આવતા. આમ આવક વધી એટલે ઝુંપડી કાઢી નાખી ગામના એક સારા લત્તામાં સરસ મકાન ભાડે લીધું. પછી તો સુખડનો વેપાર શરૂ કર્યો અને ધનિયા કઠિયારામાંથી તે ધનપાળ શેઠ બની ગયો. પૈસો થયા પછી તો જે ગુણો માણસમાં ન હોય તે પણ આપોઆપ આવી જાય છે. પતિ–પત્ની બંને સારી રીતે સમજતા હતા કે આ બધી રિદ્ધિ–સિદ્ધિ વિદ્યાવતીને આભારી છે.

એકાદ વર્ષમાં તો ધનપાળ શેઠે પોતાનો વિશાળ મહાલય કરાવ્યો. છોકરાંઓ પણ ભણીગણી વેપારમાં જોડાઈ ગયા. એ કુટુંબ સુખની ટોચ પર પહોંચ્યું એટલે એક દિવસે ત્યાંના રાજાને પોતાને ઘેર જમવાનું આમંત્રણ આપવા વિદ્યાવતીએ ધનપાળને કહ્યું. ધનપાળ માટે તો વિદ્યાવતીનો એક એક શબ્દ સાક્ષાત્ ભગવાનની આજ્ઞા સમાન હતો. રાજાના કાને દયાની દેવીની ઉડતી વાત તો આવી હતી, તેથી આમંત્રણ આપવા ગયો ત્યારે ધનપાળ શેઠને પૂછયું પણ ખરું કે તમારા ગામમાં કોઈ દયાની દેવી રહે છે? ધનપાળ શેઠે કહ્યું કે એ તો તેની ધર્મની બહેન છે. રાજાએ કહ્યું કે ત્યારે તો મારે તેના દર્શન કરવા પડશે.

નિયુક્ત દિવસે રાજા પોતાના રસાલા સાથે ધનપાળ શેઠને ત્યાં ભોજન અર્થે ગયો. તે દિવસે રસોયાને બદલે વિદ્યાવતીએ પોતે જ ભોજન સામગ્રી તૈયાર કરી હતી. રાજાને કઈકઈ વાનગીઓ પ્રિય છે. તે બધું વિદ્યાવતી જાણતી હોય તે મુજબ તૈયાર કરી હતી. રસોયાઓ બધી વાનગીઓ પીરસતાં હતાં અને અંદરના બારણાંની તડમાંથી છૂપી દ્રષ્ટિએ વિદ્યાવતી રાજાની સામે જોઈ રહી હતી. કચોરી અને ઘુઘરાનો આકાર જોયો કે તરત જ રાજાને વિદ્યાવતીનું સ્મરણ થયું. આ બંને વાનગીનો સ્વાદ લીધો ત્યાં તેનું હૈયું ઢીલું પડી ગયું. વિદ્યાવતી ગયા પછી આ વસ્તુઓ તેને તે દિવસે પ્રથમ વખતજ પ્રાપ્ત થઈ. વિદ્યાવતીની યાદથી તેના ચક્ષુમાંથી કોઈ ન જુવે તેમ મોતીના બિન્દુ જેવું અશ્રુ સરી પડ્યું. વિદ્યાવતીએ તે જોયું અને પામી ગઈ કે રાજાના હૃદયમાં તેનું સ્થાન હજુ એવું ને એવું અખંડ છે.

ધનપાળ શેઠના મહાલયેથી પાછા ફરતી વખતે પેલી દયાની દેવીના દર્શન કરવાની રાજાએ સામેથી ઇન્તેજારી બતાવી. વિદ્યાવતી એ વખતે પૂજાના ઓરડામાં ધ્યાનમાં બેસવાની તૈયારી કરતી હતી. ધનપાળ શેઠ એજ વખતે રાજાને લઈ વિદ્યાવતી પાસે જઈ પહોંચ્યા. લાંબા સમયના વિયોગ પછી પતિને પોતાની સમક્ષ આવેલા જોઈ તે તરતજ તેની ચરણરજ લેવા નીચે નમી, ત્યાં તો રાજાએ કહ્યું: 'હું તો દયાની દેવીના દર્શન અર્થે આવ્યો છું. એટલે તમારી ચરણરજનો સાચો અધિકારી હું છું.' તેવામાં તો રાજાએ વિદ્યાવતીને ઓળખી લીધી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજાના આનંદનો કોઇ પાર ન રહ્યો. ગદ્ગદિત કંઠે પોતાથી થયેલા અપરાધની ક્ષમા માગી ત્યાં તો વિદ્યાવતી બોલી: 'નાથ! પતિ દ્વારા જો પત્નીની કસોટી ન થતી હોય તો આ જગતમાં સ્ત્રીમાં રહેલી સુષુપ્ત શક્તિનો વિકાસ ક્યાંથી થાત? રામે સીતામાતાને વગર વાંકે જંગલમાં મોકલ્યાં. નળરાજાએ દમયંતીને વગર દોષે જંગલમાં રખડતી મૂકી, પણ તેથી તો આ સ્ત્રીઓ પ્રાતઃ સ્મરણીય બની ગઇ. તમે તો મને જીવનમાં એક અણુમૂલ તક આપી અને તે માટે આપને જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે.'

ધનપાળ શેઠની પૂર્વના કઠિયારા તરીકે ઓળખાણ આપી ત્યારે તો રાજા સ્તબ્ધ થઇ ગયો. ગામના લોકોને આનંદનો પાર ન રહ્યો અને રાજા રાણી બંને મહેલમાં પાછા ફર્યા. સ્ત્રીની શક્તિનો જો સાચે માર્ગે ઉપયોગ થાય તો એવી સ્ત્રી, પુરૂષની ભાગ્યવિધાતા બની શકે.

## ત્રણ યોગ

કાયાને સદાચારી બનાવવી જેટલી દુષ્કર છે તેનાથી વચનનો સદુપયોગ કરવો અતિદુષ્કર છે અને મનને ઉન્માર્ગથી રોકી શુભધ્યાનમાં જોડવું તે તો તેનાથી પણ દુષ્કર છે. તો પણ આમાનું એકે કાર્ય અશક્ય નથી. યોગ્ય આત્મા મનુષ્ય જીવનમાં જિનાજ્ઞાને બળે ત્રણે યોગોનો સદુપયોગ કરી ઉન્નતિ સાધી શકે છે.

'શ્રી દશવૈકાલિકને આધારે'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિમિત્તની પ્રબલતા

( ગતાંક પૃષ્ઠ ૧૫ થી ચાલુ )

લેખક : પૂજ્ય આચાર્ય શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજના શિષ્ય
પં. શ્રી હેમચંદ્રવિજયજી ગણી ( વ્યાકરણાતીર્થ )

ભોજનમાંથી થોડુંક તેને આપ્યું. શું છે ને શું નહીં, તેવું કાંઇ ન જાણનાર પ્રિયંકર ખાઇને ભણવા ગયો.

નિર્ધારિત સમયે પેલો બ્રાહ્મણ જમવા આવ્યો. મનમાં તો કેટકેટલાયે મનોરથો ઘડ્યા હતા. રોષથી ધમધમતા તેને વજ્રા આવકારે છે, મધુર વચનોથી તેના રોષને ઠારે છે અને કહે છે કે–આપ આમ અકળાવ છો શા માટે ? આપની આજ્ઞા પ્રમાણે બધું તૈયાર છે. ખાવા બેઠો–ભાણામાં કૂકડાનું માંસ પીરસ્યું. ચારે બાજુ તપાસ કરતાં પણ માથાની કલગીવાળો ભાગ ન દેખાતાં પૂછે છે કે–આમાંથી કોઇએ કંઇ ખાધું છે ? બીજા કોઇએ નહીં પણ પ્રિયંકર આવ્યો હતો. તેને બહુ ભૂખ લાગવાથી થોડુંક આપ્યું હતું.

દેવશર્મા બોલ્યો–કે જે જોઇતું હતું તે તો એમાં છે નહીં, હવે આને શું કરવાનું ! મારે તો હવે છોકરાનું માથું જ જોઇએ.

વિષયરાગમાં અન્ધ બનેલી શેઠાણીએ થોડાક આગ્રહ બાદ તેની વાત પણ કબૂલ રાખી. નિશાળથી ભણીને એ આવે એટલે વાત.

કામાન્ધતા આત્માને ક્યાં લઇ જઇને મૂકે છે. મા જેવી મા પણ અત્યારે પોતાના સગા નિર્દોષ બાળકને હણવા તૈયાર થઇ છે. એનો વિવેક અને સમજણ–બધું જ ચાલ્યું ગયું.

"विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः"

વિવેકથી ભ્રષ્ટ થયેલા પુરુષોનો શતમુખી વિનિપાત થાય છે.

આ બન્નેમાં ગુપ્તપણે થતી વાતચીત દાસી સાંભળી ગઈ. એનો જીવ કકળી ઉઠ્યો. એને થયું કે હા, હું શું સાંભળું છું ? શું માતા જેવી માતા થઇને એક પોતાના નાના બાળક માટે રાક્ષસી જેવું ઘોર કૃત્ય કરશે ? ના, ના, હું જીવતી હોઈશ ત્યાં સુધી આ હરગીજ નહીં થવા દઉં. ગમે તે ભોગે પણ હું આ છોકરાને ફૂટાશયી આત્માઓના હાથમાં નહીં જવા દઉં. તરત જ તે ઉપડી, રસ્તામાં જ ભણીને ઘેર આવતો પ્રિયંકર મળ્યો. તેને લઇને તે બીજી જ દિશામાં ચાલી નિકળી એવા અટપટા રસ્તે તે ઉતાવળથી ગઈ કે પાછળથી ભાળ મેળવનારને જલ્દી તેનો પત્તો ન લાગે.

આ બાજુ ઘરમાં તે બન્ને રાહ જોઈ રહ્યા છે. હમણાં આવશે, હમણાં આવશે, પણ બાળક આવ્યો જ નહીં. જ્યારે ઘણો વિલંબ થયો ત્યારે બન્ને જણા આજુ બાજુ તપાસ કરવા લાગ્યા પણ ક્યાંય તે ન દેખાતાં થાકીને પાછા વળ્યાં. અને રોષનો બધો ય ટોપલો દેવશર્માએ શેઠાણી ઉપર ઠાલવ્યો.

કામ વિવશ બનેલી શેઠાણી આ સ્થિતિમાં પણ તેનો પ્રેમ જાળવવા મથતી હતી. ખરેખર, કામી આત્માઓની સ્થિતિ શોચનીય હોય છે. પોતાનું ધાર્યું કામ સિદ્ધ ન થવાથી દેવશર્મા પણ તેના પ્રત્યે ઉદાસીન બનવા લાગ્યો.

મદનશલાકા દાસી પ્રિયંકરને લઇને દૂર દૂર નીકળી ગઇ, ને એક નગરના કિનારે ઉદ્યાનમાં આવી પહોંચી. તે નગરનો રાજા અપુત્રીયો મરણ પામ્યો હોવાથી મંત્રાધિવાસિત અશ્વે ફરતા ફરતા ત્યાં આવી તેને પ્રદક્ષિણા દીધી. સૌએ તેમનો જયજયકાર કર્યો.

શ્રેષ્ઠિપુત્ર પ્રિયંકર રાજા બન્યો. ધાવમાતા મદનશલાકાને માતાના સ્થાને સ્થાપન કરી. યોગ્ય મંત્રીઓ દ્વારા સુન્દર રીતે રાજ્ય શાસન ચાલવા લાગ્યું.

આ બાજુ પરદેશમાં કમાવા ગયેલા શેઠ પુષ્કળ ધન મેળવી પોતાના ઘેર આવ્યા. પહેલેથી સમાચાર આપવા છતાંય ન કોઇ સામે લેવા આવ્યું, કે ન કોઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સન્માનવા આવ્યું. તેથી શેઠને ફાળ તો પડી પણ જ્યારે ઘરની દશા જોઇ ત્યારે તો તેમના હોશકોશ ઊડી ગયા. શીર્ણ-વિશીર્ણ થઇ ગયેલું ઘર અને તેમાં ઉદાસ ચહેરે બેઠેલી વજ્રાને જોતાં જ શેઠ ગમગીન થઇ ગયા. અરે આ શું ? પ્રિયંકર ક્યાં ? મદનશલાકાને કૂકડો ક્યાં ગયા ? અને ઘરની આવી દશા શાથી ?

ડઘાઈ ગયેલી શેઠાણી અક્ષરે બોલતી નથી. ત્યારે પાંજરામાં રહેલા પોપટે કહ્યું કે શેઠ મને મુક્ત કરો પછી હું તમને બધી વાત કરું, કારણ કે અહીંની પરિસ્થિતિ જોતાં જોતાં મને માનવ જાત ઉપરનો વિશ્વાસ ઊઠી ગયો છે. શેઠે તેને પાંજરામાંથી બહાર કાઢ્યો. ત્યારે તેણે બની ગયેલી બધી યે કહાણી કહી સંભળાવી. જેમ જેમ એ કહાણી શેઠ સાંભળતા ગયા, તેમ તેમ સંસારથી નફરત થવા લાગી. એમણે વિચાર કર્યો કે જગતમાં લોભ એ કેવો મહાન દોષ છે તેને વશ પડેલો આત્મા કેવા અનર્થોનો ભોગ બને છે એનું હું જ સચોટ દૃષ્ટાન્ત છું. શી મારે કમીના હતી કે હું પરદેશ ગયો. અને ત્યાં જવાથી મેં શો ફાયદો કાઢ્યો. હવે આવા નગુણા સંસારમાં રહીને મારે શું કરવું ? એના કરતાં વીતરાગ ભગવંતે પ્રરૂપેલા એકાન્ત સુખકર સંયમ માર્ગને પ્રાપ્ત કરી આત્મકલ્યાણ કાં ન સાધું ? આવી વિચારણાથી વૈરાગ્ય વાસિત થઇ તેઓ સંયમી બન્યા. તપ-સંયમની આરાધના કરતાં તેઓ ગ્રામાનુગ્રામ વિચરી રહ્યા છે.

શેઠે દીક્ષા લીધા પછી દેવશર્મા અને વજ્રા નિઃશંકપણે વર્તવા લાગ્યા. ફરતાં ફરતાં તેઓ પ્રિયંકર જ્યાં રાજા હતો તેજ નગરીમાં બહારના ભાગમાં આવી વસ્યા.

આ બાજુ આ મુનિરાજ પણ વિચરતાં વિચરતાં ત્યાં પધાર્યા. ગોચરી માટે નિકળેલા મુનિને પાપિણી વજ્રા ઓળખી ગઈ. પોતાને પીછાણી જનાર મુનિ પોતાની લઘુતા કરશે એમ વિચારી તેણે જ આહારમાં સોનું છુપાવી વહોરાવી દીધું અને પછીથી 'ચોર 'ની બૂમ મારી. રાજપુરુષોએ પકડ્યા. રાજા પાસે હાજર કરવામાં આવ્યા. રાજસભામાં તેઓને આવતાની સાથે ધાવમાતા ઓળખી ગઈ. તેણે રાજાના કાનમાં હળવેથી કહ્યું કે-"આ તો તમારા પિતાજી છે" રાજા પરિસ્થિતિ પામી ગયા. બ્રાહ્મણપુત્ર દેવશર્મા અને વજ્રાને દેશપાર કર્યા.

પ્રિયંકર રાજાએ પિતા મુનિને ભોગ માટે આમંત્ર્યા. પણ જેના હૈયામાં સાચી વૈરાગ્ય ભાવના જાગી હોય તે એકવાર છોડયા પછી તેની સામું પણ જોવે ખરા ? મુનિએ રાજાને ઉપદેશ આપ્યો, પિતા-મુનિનો ઉપદેશ સાંભળી રાજા બારવ્રતધારી શ્રાવક બન્યો. જૈન શાસનની મહાન્ પ્રભાવના કરનારો થયો.

મુનિરાજે તે ચોમાસું ત્યાં કર્યું. જૈનધર્મનો સારો ઉદ્યોત થયો. તેને ન સાંખી શકનારા બ્રાહ્મણોએ ચોમાસા બાદ વિહાર કરતા મુનિની પાછળ એક ગર્ભવતી દાસીને પરિવ્રાજિકાનો વેષ ધારણ કરાવીને મોકલી. રસ્તામાં ચાલતાં મુનિનો હાથ પકડી તે બોલી "હવે મારી કેવી ગતિ થશે ? મને કંઇક આપો." મુનિ બ્રાહ્મણોના આ કારસ્થાનને સમજી ગયા. હવે પ્રવચનની અપભ્રાજના થતી કેમ રોકવી ને શું કરવું ? તરત જ મુનિએ નિર્ણય કર્યો ને પડકાર કરતાં હોય તેવી રીતે કહ્યું કે-"જો આ ગર્ભ મારો હોય તો યોનિદ્વારા તેનો જન્મ થાઓ અને જો બીજાનો હોય તો પેટ ફાડીને ગર્ભ બહાર નીકળે."

એજ વખતે તે પરિવ્રાજિકા વેષ ધારક દાસીનું પેટ ફાડીને ગર્ભ બહાર નીકળ્યો. મુનિને બદનામ કરી જૈન શાસનની નિંદા ફેલાવવા ઇચ્છતા બ્રાહ્મણો ભોંઠા પડ્યા. તેઓની અપભ્રાજના થઇ અને જૈન શાસનની અને તેના નિર્ગ્રન્થ મુનિઓની સર્વત્ર પ્રશંસા ફેલાઇ.

( ઉપદેશપદના આધારે )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન શ્રી મહાવીર દેવની વાણીનો અદ્ભુત પ્રભાવ !

લેખક : શ્રી દેશાઈ શૈલેશ એસ. બોટાદ

જંગલની એક્કી કેડીયે એક મહા વિષધર સર્પ રહે. એના એક જ ફુંફાડાથી માણુસ લીલોકાચ જેવો થઈને નીચે ઢળી પડે. એની કાતીલ નજર જેના ઉપર મંડાય તે પછી ભલેને ગમે તે હોય તેનું આવી જ બન્યું. આ સર્પનું નામ હતું ચંડકોશીયો જ્યાં આ ચંડકોશીયો રહેતો હતો તે રસ્તો થોડા દિવસોમાં તો, સૂમસામ બની ગયો. લોકોમાં વાત ફેલાઈ ગઈ કે, એ રસ્તે કોઈએ જવું નહિ. ત્યાં એક ફણીધર નાગ રહે છે. તે એટલો બધો તો ઝેરી છે કે તેની પાસેથી જનાર પશુ, પક્ષી કે માણુસ તેની દૃષ્ટિ ચાલથી યમરાજાનો મહેમાન બની જાય છે પવનની જેમ આજુબાજુના ગામડાઓમાં આ વાત બધે ફેલાઈ ગઈ હવે આ રસ્તે એક ચકલું પણ ફરકતું નહતું. ભૂલે ચૂકે એ રસ્તે કોઈ અજાણ્યો માણુસ જતો હોય તો આજુબાજુના રહેવાસીઓ એને ચેતવી દેતા અને જતો અટકાવતા.

એક દિવસ એ રસ્તે ભગવાન મહાવીર દેવે પગલાં માંડયાં ત્યાં તો એક ગોવાળે આવીને કહ્યું. 'મહારાજ ! આ રસ્તે જવા જેવું નથી આ રસ્તે એક ભયંકર સાપ રહે છે. જતાં આવતાં માણુસોને એ કરડે છે. અને ન કરડે તો પણ તેની દૃષ્ટિ પડતાં જ તેની દૃષ્ટિમાંથી નીકળતી વિષ જવાળાઓ બાળીને ભસ્મ કરી નાંખે છે. માટે હે મહારાજ તમો બીજા રસ્તે જાઓ. આ રસ્તે જવાનું માંડીવાળો.

ભગવાન મહાવીર દેવ તો જ્ઞાનથી બધુ યે જાણુતા હતા. એમના જ્ઞાનની અને અતુલ આત્મ બળની આ ભોળા ગોવાળીઆને કયાંથી ખબર હોય ? ભગવાન મહાવીર દેવે તો એની વાત ઉપર ધ્યાન આપ્યા વગર એજ રસ્તે આગળ જવા માટે પગ ઉપાડ્યા ત્યાં તો, ગોવાળીઆએ ફરી પાછી એની એ વાત કહેવા માંડી; 'સાધુ મહારાજ ! કેમ સાંભળ્યું નહિ ? આ રસ્તે મોટો ભોરીંગ રહે છે. આ નાગ મહાઝેરી છે. ભલા થઈને આ રસ્તે જશો નહિ બાપલા ! નહિતર એ ઝેરી સર્પ આપને ભરખી જશે.' ગોવાળીઆએ દયાની લાગણીથી આર્દ્ર સ્વરે કહ્યું ત્યાં તો ફરીથી ગોવાળ બોલ્યો "મહારાજ ઝેરના પારખાં ન હોય હો ?

ગોવાળતો બોલતો જ રહ્યો અને ભગવાન તો મરક મરક હસતા હસતા આગળ વધ્યા. ખરેખર એ રસ્તો સાવ ઉજ્જડ હતો. આંતરે આંતરે કોઈ કોઈ માનવીઓનાં અને પશુઓનાં હાડપિંજર પડ્યાં હતાં. હવે તો એ રસ્તે ચકલું એ ફરકતું ન હતું. આગળ વધતાં વધતાં છેવટે ભગવાન તો સાપના રાફડા નજીક આવી પહોચ્યા. કેટલાયે દિયસે પોતાના રાફડા પાસે, મનુષ્ય આવતો જોઈ સાપની આંખો ચકળવકળ થવા માંડી. ઝેરી હવા ઓકતો રાફડામાંથી તે એકદમ બહાર નીકળ્યો અને વિષ ભરી દૃષ્ટિ ભગવાન ઉપર ફેંકી. પરંતુ તેની કાંઈ અસર ન થઈ. એટલે ધુંઆપુંઆ થતો જ્યાં ભગવાન કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા હતા ત્યાં આવી પહોચ્યો અને તેણે ભગવાનનાં અંગુઠે ડંખ દીધો. અને એકદમ પાછો હઠી ગયો. એના મનમાં એમ કે હમણાં આ પહાડ સરખો માનવી મારા ઉપર પડશે તો કદાચ મને પણ દાટી દેશે. પોતાનો જીવ કોને વહાલો નથી હોતો ?

થોડીકવાર થઈ પણ માણુસના પડ્યાનો ધબકારો ન થયો એટલે પાછા તેણે રાફડામાંથી બહાર નીકળીને નજર માંડી તો માણુસ તો એમને એમ ઉભેલો તેણે જોયો અને એને તો ભારે આશ્ચર્ય થયું, એ વિચાર કરવા લાગ્યો કે, અરે આ માનવી તો કોઈ અજબ લાગે છે. મારૂ ઝેર આને કેમ અસર કરતું નથી ? અરે બીજીવાર ડંખ દેવા દે. એટલે હતો ન હતો થઈ જાય. પરંતુ ચંડકોશીયાને કયાં ખબર હતી કે આ માનવી બધા માનવીથી જુદી માટીથી ઘડાએલો છે. શ્રી તીર્થંકર દેવના આત્માની તો એ જગતનાં કોઈ માનવીથી સરખામણી થઈ શકતી જ નથી. ચંડકોશીયે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાન શ્રી મહાવીર દેવના અંગુઠે બીજીવાર જ્યાં ડંખ દીધો કે લોહીને બદલે પગના અંગુઠે દૂધની ધારા છુટી. ચંડકોશીયો તો આભો જ બની ગયો. ચંડકોશીયો વિચારે છે કે આ શું ? રૂધીરને બદલે દૂધ ? આ માનવી તો કોઇ અજબ લાગે છે. ત્યાં તો ભગવાન મહાવીર દેવ બોલ્યા. "અરે ચંડકૌશીક બુઝ, સમજ સમજ. પૂર્વ ભવને યાદ કર. તું પૂર્વ ભવમાં એક સાધુ હતો. ક્રોધના આવેશમાં શિષ્યને મારવા જતાં અંધારામાં ઉપાશ્રયમાં વચ્ચે રહેલા થાંભલા સાથે તારૂં માથું જોરથી અફળાયું અને દુર્ધ્યાનમાં મરીને ક્રોધના અતિ પ્રબલપણાથી મૃત્યુ પામીને તું અહિં સાપ થયો છે ! ક્રોધના અતિ આવેશમાં તેં સંયમના મહાફળને ગુમાવી દીધું અને તારી આ દશા થઇ. માટે હવે ક્રોધને તું તિલાંજલી આપ અને સમતા ભાવમાં આવી જા."

ભગવાનનાં અમૃત સરખાં વચનો સાંભળતાં જ ચંડકોશીયાને તરત જ જાતિસ્મરણ જ્ઞાન થયું અને તેણે પોતાનો પૂર્વભવ પ્રત્યક્ષ જોયો. અને તેથી તે શાંત બની ગયો. તેનો આત્મા જાગૃત બન્યો. સાપના ભવમાં કરેલાં ભયંકર પાપો માટે ઘણો પશ્ચાત્તાપ કરવા લાગ્યો અને કોઇપણ પ્રાણીની હવેથી હિંસા ન થઇ જાય એવી દયાની લાગણીથી હવે તો રાફડામાં જ મુખ રાખીને પડી રહેવા લાગ્યો અને સમતા ભાવમાં તે અનશન વ્રતનું આરાધન કરવા લાગ્યો. પૂંછડી બહાર અને મોઢું દરમાં રાખીને તે નાગ પડી રહેલો જોઇને ત્યાંથી જતાં આવતાં ભરવાડ લોકો નાગની પૂજા કરતા. દૂધ ત્યાં ભરી ભરીને મૂકતાં. દૂધના છાંટા નાગના શરીરે ઉડવાથી અસંખ્ય કીડીયો તેના શરીર ઉપર ચટકા ભરવા લાગી તો પણ તે સર્પ જરા પણ હલ્યા ચલ્યા વગર પડી રહેતો. આવી રીતે આઠમા દિવસે મૃત્યુ પામીને તે દેવલોકમાં ગયો."

એક વખતનાં ભયંકર સર્પને પણ ભગવાન શ્રી મહાવીર દેવે સદ્‌ગતિ ગામી બનાવ્યો. ભગવાનની વાણીનો કેવો અદ્‌ભુત પ્રભાવ ! આપણે જો ભગવાનની વાણીને જીવનમાં ઉતારીશું અને ભગવાનની આજ્ઞા પ્રમાણે ચાલીશું, જીવન ઘડીશું તો અવશ્ય આપણા આત્માનું પણ કલ્યાણ થશે જ.

° ° ° °

# સમાચાર–સાર

**૨૫૦૦મો નિર્વાણ કલ્યાણક મહોત્સવ :–**

ભગવાન મહાવીરના ૨૫૦૦ મા નિર્વાણ કલ્યાણ નિમિત્તે ભાવનગરમાં કાર્તિક વદ ૧૦ થી માગશર શુદ ૨ સુધી અઠ્ઠાઇ મહોત્સવ રાખવામાં આવેલ. આ પ્રસંગે પ્રભુજીની પૂજા, ભક્તિ, પ્રભાવના વગેરે સારો લાભ લેવાયેલ.

**દીક્ષા મહોત્સવ :—** શા. પોપટલાલ પુરશોત્તમની સુપુત્રી હર્ષદાબેન તથા શા ભગવાનદાસ નરશીદાસની સુપુત્રી કોકિલા–આ બન્ને બહેનો તરફથી રથયાત્રાનો વરઘોડો નીકળેલ. સૌ ભાવિકોએ તેમાં ઉત્સાહથી હાજરી આપેલ. આ બન્નેએ બહેનો માગશર શુદી બીજને દિવસે દીક્ષા અંગીકાર કરી હર્ષદાબેન પૂજ્ય સાધ્વીશ્રી દક્ષયશાશ્રીજીના શિષ્ય દિવ્યયશાશ્રીજી તરીકે જાહેર થયેલ અને કોકિલાબેન પૂજ્ય સાધ્વીશ્રી મયણયશાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર થયેલ. દીક્ષા પ્રસંગે મોટા સમુદાયે ઉમંગ અને ઉત્સાહથી હાજરી આપી અનુમોદના કરેલ. અંતમાં પ્રભાવના કરવામાં આવેલ. આ બન્ને બહેનો શિક્ષિત છે અને ઊંડો ધાર્મિક અભ્યાસ સારો કરેલ છે અને અંતરના વૈરાગ્યથી દીક્ષા અંગીકાર કરેલ છે.

**'અભિધાન ચિંતામણી કોશ' પ્રકાશન સમારોહ :–** પૂજ્ય આચાર્યશ્રી કસ્તૂરસૂરીજીએ રચેલ આ કોશના ગુજરાતી અનુવાદની બીજી આવૃત્તિનો પ્રકાશન સમારંભ કા. શુ. ૧૩ ના રોજ થયેલ. પ્રસ્તુત પુસ્તકનું પ્રકાશન ગુજરાત રાજ્યના નાયબ પંત પ્રધાન શ્રી કાન્તિલાલ ઘીયાના શુભ હસ્તે થયું હતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્ત્રી મુક્તિ–એક યથાર્થ

મૂળ હિન્દી લેખક : પં. શ્રી ઉદય જૈન, ધર્મ શાસ્ત્રી, કાનોડ.

એક સમય હતો. નીતિ વાકય પ્રચલિત હતું કે–

**पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।**
**पुत्रो रक्षति वृद्धत्वे न स्त्री स्वातंत्र्यमर्हति ॥**

વેદ વાકય હતું કે–

**"स्त्री शुद्रो नाधीयताम् ।"**

ધર્મવાકય હતું કે–

**दर्शनात् हरते चित्तं, स्पर्शनाद् हरते बलम् ।**
**भोगात् हरते वीर्यं नारी प्रत्यक्षराक्षसी ॥**

અને

**न रक्खसीसु गिज्झेज्जा गण्डवच्छासु अणेगचित्तासु।**

બીજી પણ લોકોક્તિઓમાં અને ધર્મોપદેશોમાં સેંકડો ગાથાઓ સ્ત્રીની વિરૂદ્ધ રચવામાં આવી છે, જેનું વર્ણન કરીએ તો એક મોટો ગ્રન્થ તૈયાર થઈ જાય.

વાસ્તવિક પરિસ્થિતિ કંઇક જુદીજ છે. મનુષ્ય પુરૂપાર્થ પરાયણ હોવાથી પુરૂષ કહેવાયો. તેની શૌર્યની પ્રતિભા અને શારીરિક ઘડતરની વિશેષતાએ નારીને ગૌણ કરીને માની. નારી ભોગની સામગ્રી અને ગૃહવ્યવસ્થાની ગૃહિણી માત્ર બની રહી. સ્ત્રીનું શરીર ઘડતર સન્તાન ઉત્પન્ન કરવા યોગ્ય અને પુરૂષને આકર્ષણ કરવા યોગ્ય માનવામાં આવ્યું. શૌર્ય, બુદ્ધિમત્તા, પ્રશાસન વગેરેની યોગ્યતા અને કળા કૌશલ્યના ભંડારરૂપ નારી પુરૂષની ગુલામ બનતી ગઇ.

માનવીએ સ્ત્રીસમાજપર જે અત્યાચાર કર્યા અને વર્તમાનમાં કરવામાં આવે છે તે નૃશંસતાથી ઉતરતા નથી. પુરૂષનું સ્ત્રી વગર કામ ચાલતું નથી. તો પણ ધૂર્તતાથી તેને હેય (ત્યાજ્ય) બતાવીને ધર્મદેશનામાં પણ તેને ત્યાજ્ય કહેવામાં આવી.

એક સમય હતો જ્યારે સ્ત્રીને પરિગ્રહમાં માનવામાં આવતી હતી. આ ઐતિહાસિક અને ધાર્મિક સત્ય છે કે પાર્શ્વ સંઘમાં ચાતુર્યામિક ધર્મનો પ્રચાર હતો. તેમાં ચોથા બ્રહ્મચર્ય મહાવ્રતને અલગ માનવામાં આવતું નહોતું. સ્ત્રીને બીજી વસ્તુઓની જેમ પરિગ્રહની વસ્તુની જેમ માનવામાં આવતી હતી. આમ તો તે પરિગ્રહ હોય પણ છે. પરંતુ તેને ભોગોપભોગને યોગ્ય વસ્તુ ગણવી એ કેટલો માર્મિક અને હૃદય વિદારક વ્યવહાર છે? ધર્મ માર્ગમાં આ પ્રકારની પ્રશસ્તિ ધૃણાસ્પદ અને નિંદનીય છે.

વિવાહ કરે એટલે સ્ત્રી અને પુરુષ પતિ–પત્ની બની જાય છે, અને એક બીજા તરફ એક બીજાનું મમત્વ હોવાથી બન્ને પરિગ્રહની કોટીમાં આવી જાય છે. પારસ્પરિક સંબંધ પરિગ્રહાત્મક છે, પરંતુ –

**ढोल गंवार शूद्र, पशु नारी ।**
**ये सब ताडन के अधिकारी ॥**

સ્ત્રીને મારવાને યોગ્ય છે એમ પણ ધર્મ–પ્રવર્તકોએ પોતાની ધાર્મિક રચનામાં લખી નાખ્યું છે. આ સંત બનનારા તુલસીદાસ રૂપી મહાપુરૂષ ભૂલી ગયા છે કે –

**जैसा ध्यान हराममें, वैसा हरि में होय ।**
**चला जाय वैकुण्ठ में, पला न पकडे कोय ॥**

આમ કહેનાર એમની સન્માર્ગ દર્શિકા કોણ હતી? તેમની જ પત્ની નારી હતી ને? પ્રાચીન ભારતના વિરક્ત તરીકે ઓળખાતા સંતો, મહંતો અને મહાપુરુષોએ નારીનાં રૂપમાં જોઇ નથી.

**"आत्मवत्सर्वभूतेषु यः पश्यति सः पडितः ।"**

ના રચનારા અને રટણ કરનારાઓએ પોતાને જ જન્મ આપનારી માતાને કેટલી ધૃણિત દૃષ્ટિએ જોઈ છે અને પોતાના ઉપદેશોમાં તેનું એવું જ રૂપ પ્રચલિત કર્યું છે? આ કેટલી ભયંકર વિડંબના છે? આમાં ધર્મ કયાં અને કેવો – આ એક પ્રશ્નવાચક ચિહ્ન બની રહ્યું છે. શું કોઇ તેનો જવાબ આપનાર છે?

સંતો, મહંતો, મહાત્માઓ, તીર્થંકરો અને અવતારોની જન્મદાત્રી 'મા'નો આટલો અનાદર કરતા તેઓએ કંઇક વિચારવું જોઈતું હતું. શું માતા વગર એમનું કોઈ અસ્તિત્વ આ જગતમાં રહેત ખરું? જેણે પુરૂષત્વની બધી શક્તિઓનું દાન કર્યું, એજ



For Private And Personal Use Only

માતા, બહેન, પત્ની અને ધાવ હવે સંસારને માટે અનુપયોગી કેવી રીતે બની ગઇ? એથી વધારે તે શક્તિરૂપી મહા માતાને મોક્ષની અધિકારિણી પણ માનવામાં આવેલ નથી. શું આ પુત્ર, ભાઇ અને પતિ વગેરેની કૃતઘ્નતા નથી?

જેવી રીતે સ્ત્રી કામિની છે એવી રીતે પુરુષ પણ કામી છે. જેવી રીતે સ્ત્રીના અંગ પ્રત્યંગ પુરુષને માટે આકર્ષક છે એવી રીતે પુરુષના અંગ પ્રત્યંગ પણ સ્ત્રીને માટે આકર્ષક છે. બન્નેના શરીર ઘૃણા કરવા લાયક હાડમાંસના પુતળા છે. પુરુષ સ્ત્રીને વ્યભિચારિણી અને રાક્ષસી કહેવાનો અધિકારી છે તો સ્ત્રી પણ પુરુષને લંપટી અને રાક્ષસી કહેવા અધિકારિણી છે. શરીર રચનામાં ક્રમાનુસાર કંઈક અંતર હોય છે. શરીર રચનાના અંતરને લીધે તેની ચેતન સત્તાની યોગ્યતાને ઢાંકી દેવી એ અન્યાય અને અધર્મપૂર્ણ વ્યવહાર છે. જૈન દર્શનમાં જો એવું કોઈ વર્ણન હોય તો તે સર્વજ્ઞનું નથી, તીર્થંકરનું નથી પણ પાછળના અહંમન્ય આચાર્યોનું છે.

જૈન દર્શનના શ્વેતામ્બર ગ્રન્થો સ્ત્રીને મુક્તિની અધિકારિણી માનતા હોવા છતાં દૃષ્ટિવાદ જ્ઞાનની અધિકારિણી માનતા નથી. 'પૂર્વ'નું જ્ઞાન અથવા આહારક શરીરની અનુપલબ્ધિ કે કોઈ પ્રકારની અન્ય લબ્ધિઓની અનુપલબ્ધિ સ્ત્રી જાતિની નિમ્નતાની દ્યોતક છે. જ્યાં સ્ત્રી, પુરુષ અને નપુંસકલિંગ સિદ્ધ હોય શકે છે અને અનન્તજ્ઞાન, દર્શન, વીર્ય અને આનન્દની પ્રાપ્તિની ક્ષમતા નારીમાં માનવામાં આવે છે, ત્યાં વિશિષ્ટ શ્રુત અને મનઃપર્યવ જ્ઞાનમાં પુરુષની જેમ જ્ઞાનધારિણી કેમ માનવામાં આવતી નથી? સ્ત્રીમાં કેવળી બનવાની યોગ્યતા માનતા હોવા છતાં પણ વિશિષ્ટ શ્રુત, અવધિ અને મનઃપર્યાય જ્ઞાનની પૂર્ણતાની યોગ્યતાથી વંચિત રાખવાની વાત કરવી એને એક પ્રકારની અજ્ઞાનતા જ કહી શકાય.

સ્ત્રી પોતાના શારીરિક તથા સામાજિક સ્થિતિને લીધે નગ્ન સાધુત્વ સ્વીકાર કરી શકતી નથી તેથી તે કેવલી, સર્વજ્ઞ અને મુક્ત બની શકે નહિ. આ ધારણા, આ માન્યતા અને આ વિવેચના સર્વજ્ઞતાની વાસ્તવિક સ્થિતિને સ્પર્શ કરી શકતી નથી; કેમકે સ્ત્રી વેદ, પુરુષ વેદ અને નપુંસક વેદ નષ્ટ થઈ આત્મા નિર્વેદાવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે સર્વજ્ઞ, બ્રહ્મ અને સર્વદર્શી બને છે. કેવળ શરીર ધારણ કરનાર લિંગનો સંબંધ જો પરમાત્મા બનવાની સાથે જોડવાનો હોય તો પુરુષ પણ સર્વજ્ઞ, બ્રહ્મ અને સર્વદર્શી બની શકે નહિ.

નગ્નત્વના એકપક્ષીય આગ્રહે સ્ત્રીને તીર્થંકર બનતા રોકી દીધી છે. શું આ અનેકાન્ત અને સર્વ સમ્મત સત્ય-જિન-ધર્મ છે?

આજ સર્વજ્ઞની વાણી છે કે લિંગ સદા મુક્તિ પ્રાપ્તિને બાધક રહે? હું પૂછવા ચાહું છું કે જો સ્ત્રી હંમેશા બધી દૃષ્ટિએ બધા ક્ષેત્રમાં ઘૃણાને યોગ્ય છે તો તેને સંઘ અને તીર્થમાં શ્રાવિકા અને સાધ્વીના રૂપમાં શા માટે સ્થાન આપવામાં આવે છે? તેને સાધ્વી શા માટે બનાવવામાં આવે છે? છઠ્ઠા ગુણસ્થાનમાં રહેલા સાધુ ચૌદમું ગુણસ્થાન મેળવવાની યોગ્યતા ધરાવી શકે તો સ્ત્રીની યોગ્યતાને શા માટે ચેલેન્જ કરવામાં આવે છે?

સ્ત્રી હંમેશા ધર્મનિષ્ઠ રહી છે. પુરુષો કરતા વધારે સંખ્યામાં સાધ્વી અને શ્રાવિકાના રૂપમાં ગણવામાં આવે છે. આત્મા, સ્ત્રી અને પુરુષમાં ભિન્ન હોતો નથી. સ્વાભાવિક ગુણો પ્રગટ કરવામાં બન્નેની સરખી યોગ્યતા છે. બાહ્યલિંગોના પરિવર્તનમાં વિજ્ઞાને સફળતા પ્રાપ્ત કરી છે. બાહ્યલિંગ પરિવર્તનની સાથે વ્યવહાર પણ બદલાય છે. આત્મિક શક્તિના વિકાસમાં લિંગ કદિ પણ બાધક બની શકે નહિ. જેવી રીતે 'મૂર્છા પરિગ્રહ' કહેવામાં આવે છે એવી રીતે મોહનીય કર્મ નષ્ટ થવાથી બીજા કર્મ આપમેળે જ નાશ પામે છે અને પૂર્ણ ચેતનત્વ પ્રગટ થાય છે. આ ગુણો પ્રગટ કરવામાં નારી કદિ પાછળ રહેતી નથી. શરીર માત્ર એક સાધન જ છે. આત્મા સ્વયં સ્વાભાવિક ગુણો પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં કોઇ પણ શરીર વિશેષની મદદ લઇ શકે છે અને લે છે. જો સમ્યક્ત્વ પ્રાપ્ત જ્ઞાયક આત્મા મુક્ત થઇ શકે તો મોહનીય કર્મ ક્ષય કરનાર નારી કંઇ રીતે પાછળ રહી શકે?

આજ વિશ્વના બધા ક્ષેત્રોમાં સ્ત્રી મુક્ત રીતે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગળ વધે છે. જો નારીને પ્રશસ્ત થવાને માટે ઉપર્યુક્ત અવસર કે સાધન કામે લગાડવામાં આવે તો નારી કદિ પુરુષ કરતા પાછળ રહે નહિ. નારીનો સમાજમાં સદા આદર રહેવો જોઇએ. સમાન સ્થિતિનું ભાન કરાવવા માટે પ્રાજ્ઞ પુરુષોએ પહેલાની જેમ **"यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।"** એ લોકોક્તિનો આદર કરવો જોઇએ. દુનિયામાં સ્ત્રીને ઘણું ખરૂં પુરુષોની પછી સ્થાન મળતું રહ્યું છે અને મળે છે. જો કે જલયાન ડૂબવાને વખતે ડૂબતા માણુસોમાંથી કે આગ લાગવાને સમયે બળતા માણસોમાંથી સૌ પ્રથમ સ્ત્રી બાળકોને બચાવવાનો નિયમ સનાતન છે, પરંતુ પુરૂષ પોતાના અહંમાં આ બધા નિયમોને ધ્યાનમાં રાખીને આજ પોતાની વૃદ્ધિદાત્રી નારી સમાજને ઠોકર મારે છે. આ મોટું આશ્ચર્ય છે કે આખી દુનિયા નારી-સર્જનાનું મુખ્ય અંગ છે, તો પણ તેના તરફ ઘૃણાની દૃષ્ટિ રાખવામાં આવે છે.

શ્વેતામ્બર પરંપરા પ્રમાણે નારી તીર્થંકરને પુરૂષ અને નારી બધા વંદન કરે છે, પછી ભલે તે સાધુ હોય કે સાધ્વી, અને તેમનાથી ઉમરમાં તથા દીક્ષામાં મોટા હોય. પરંતુ તીર્થંકર સિવાય સ્ત્રી આચાર્ય, ઉપાધ્યાય વગેરે રૂપમાં તે તીર્થ-સંચાલક બની શકતી નથી. આજના દીક્ષિત નાના સાધુને માટે દીક્ષામાં મોટા સાધ્વી પણ વંદનીય છે. પરન્તુ દીર્ઘતમ સ્થવિર સાધ્વીને માટે તત્કાળ દીક્ષિત સાધુ વંદનીય છે. એમ શા માટે? જ્યારે વ્યવહારમાં માતાને પ્રણામ કરવાનો ઉલ્લેખ સૂત્રો અને આગમ ગ્રન્થોમાં વર્ણવાયેલ છે પરંતુ એજ માતા સંસારત્યાગી આત્માનુરાગી, મહાવ્રતધારિણી બને તો તેની પછીના દીક્ષિત સાધુ પણ તેને વંદન નથી કરતા. આને વીર શાસનની છાપ લગાવીને આચાર્યોએ પોતાના અહમ્‌ની પૂજા કરી છે. અને પુરૂષોની પ્રધાનતા રાખવાને માટે સમાચારી બનાવી છે. તેનું પાલન આજ સુધી કરવામાં આવે છે.

ગુણપૂજક સમાજ લિંગપૂજક બની ગયો છે. આચાર્યપ્રવર, પ્રવર્તક, ગણી, ઉપાધ્યાય અને પ્રખ્યાત વક્તા સાધુ મોટી મોટી વાતો કરે છે અને મોટા મોટા આકર્ષક વ્યાખ્યાન આપે છે પણ જ્યારે આ પ્રશ્ન પર વિચાર કરવાનો પ્રસંગ આવે છે ત્યારે પૂર્વાનુગત (પરંપરાગત) એમ કહીને મૌન ગ્રહણ કરી લે છે. શરીર તો આત્માને ધારણ કરનારૂં સાધન છે, ઘર છે. તે ઘરના સ્વામીની કદર નહિ કરીને ઘરની પ્રધાનતા ગણવી એમાં વિદ્વત્તા નથી. નારી મુક્તિના હામી સંપ્રદાયોએ તો વર્તમાન દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ જોઇને ફરી આ વિચારમાર્ગ પર આવવું જોઇએ.

દિગમ્બર પોતાને વીર પ્રભુના દિગમ્બરત્વના અનુયાયી હોવાની ઘોષણા કરે છે. દિગંબરત્વ, કેવળ નગ્નત્વને જ કહેવામાં આવે તો અન્ય સંપ્રદાયના નગ્ન સાધુઓનું તેઓ સન્માન કેમ કરતા નથી? હું કોઇ પર આક્ષેપ નથી કરતો. હું પોતે દિગમ્બરત્વનો હામી છું પણ દ્રવ્ય દિગંબરત્વનો નહિ, પરંતુ ભાવ દિગંબરત્વનો છું. નિર્ગ્રન્થ સાધુ સવસ્ત્ર કે નિર્વસ્ત્ર હોવા છતાં હંમેશા દિગંબરજ છે. દિગંબર સાધુ કેવળ વસ્ત્ર ન રાખવાને કારણે દિગંબર નથી બનતા, પરંતુ આંતરિક રીતે નિગ્રન્થ થવાથી બને છે. પરિગ્રહે, મમતા અને મોહનો ત્યાગ એ પ્રથમ પ્રશ્ન છે. દિગમ્બર સાધુઓની પાસે શરીર તેમજ ધર્મસાધના રૂપ મોરપીછ અને કમંડળ રહે છે. ગ્રન્થ, શાસ્ત્ર, શ્રાવક, શ્રાવિકા અને સાધ્વીઓનો પરિગ્રહ પણ અહીં તહીં દૃષ્ટિગત થાય છે. તે મહાન નિર્ગ્રંથ છે જે વસ્ત્ર રહિત કે સહિત હોવા છતાં પણ મમતા રહિત હોય. આપણે દિગમ્બર અને શ્વેતામ્બરનો ભેદ મીટાવવાનો છે, અને એ મીટાવવાના કાર્યમાં પ્રાજ્ઞ અને નિર્ગ્રન્થ વિરક્ત માનવ અધિક ઉપયોગી છે. મારૂં નમ્ર નિવેદન છે કે—

ભાવે જિનવર પૂજિયે, ભાવે દીજે દાન,
ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવલ જ્ઞાન.

ભાવનાઓને મહત્ત્વ આપનાર મહાવીરના સર્વ અનુયાયી દ્રવ્ય ભેદોને ભૂલીને શિઘ્ર નારી મુક્તિનો પ્રશ્ન હલ કરે. શરીરથી નારી માનીને તેને આત્માથી પણ નારી જ માનવી એ જૈનત્વ અને નિર્ગ્રન્થની અવજ્ઞા કરવા બરાબર છે. **"परिणामे बन्धः परि·**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**णामे मोक्षः**" ને માનનાર જૈન શરીર અને બાહ્ય લિંગનો આગ્રહ કેમ રાખે છે ? એજ મોટું આશ્ચર્ય છે.

મહાન આશ્ચર્ય છે કે ષડ્જીવનિકાયોના રક્ષક, નારીના સંરક્ષણને કેમ ભૂલી જાય છે ? સંસાર જીવ અજીવ દ્રવ્યોના મિશ્રણથી બનેલો છે અને ગતિ કરી રહ્યો છે. જીવત્વ જ્યાં છે ત્યાં ચેતન સત્તા છે. જ્યાં જીવત્વ નથી ત્યાં જડત્વ છે. પણ જડતા પણ અમુક સમયને માટે આત્મોન્નતિમાં સાધકરૂપમાં ગ્રાહ્ય છે. પણ જીવત્વ અને તે પણ નારીત્વ, માતૃત્વ અને સર્જનસ્વરૂપા દેવીને માટે આદરભાવ ન હોય એ વિષય પુનર્વિચારણીય છે.

એક વાત યાદ આપવાની કે નમસ્કાર મંત્રનો પાઠ શું આચાર્ય કરતા નથી ? નર સાધુ શું કરતા નથી ? કે ઉપાધ્યાય શું કરતા નથી ? મેં તો સાંભળ્યું છે કે અર્હન્ત પણ '**नमो तित्थस्स**'ના રૂપમાં ચતુર્વિધ સંઘને નમસ્કાર કરે છે, જેમાં 'નારી' પણ આવી જાય છે. સત્ય શું છે એ હું નથી જાણતો. હું ધર્મ શાસ્ત્રોનો એક અલ્પ જ્ઞાની છું. પણ એટલું જાણું છું કે જે નમસ્કાર મંત્ર દ્વારા લોકમાં સર્વ સાધુઓને નમસ્કાર કરવામાં આવે છે તેમાં શું નારી સાધુને નમસ્કારનો સમાવેશ નથી થતો ? મારા ઉત્તમ પુરુષો, આદરણીય આચાર્યો અને વિદ્વાન સાધુઓ ! મને બતાવો ! નમસ્કાર મંત્રની મહાનતાનો સ્વીકાર કરનારા આપણે બધા ભાવ નમસ્કારને ગ્રાહ્ય માનતા હોવા છતા દ્રવ્ય નમસ્કારને નિંદનીય અને અગ્રાહ્ય શા માટે ઠરાવીએ છીએ ? જો આપ એ સાબિત કરી દો કે સાધ્વીઓ આ પદમાં નથી તો હું આજે જ નારી-મુક્તિનો બકવાસ કરવાનું છોડી દઉં. હું પણ વીરાનુયાયી છું. વીરને જેટલા મહાન મેં માન્યા છે, જેટલા વિશ્વવ્યાપી મેં માન્યા છે, કદાચ સંપ્રદાય પ્રેમી એટલે સુધી પહોંચવામાં સંપ્રદાય નષ્ટ થવાનો ભય જોશે. જેને પોતાની વેષભૂષા વહાલી લાગે છે, તે તેને સારી માને છે. બીજાની વેષભૂષાને તે ખરાબ માને છે. આવી જ વૃત્તિ આપણી વીરશાસનના પૂજારીઓની થઇ છે. શ્વેતામ્બર પોતાની પ્રશંસા કરતા થાકતા નથી તો દિગમ્બર તેનાથી પાછળ નથી રહેતા. તેરાપંથી તેનાથી પણ વધારે આગળ જાય તો સ્થાનકવાસી પણ એક કદમ આગળ વધે છે. આ રીતે વીરશાસન કદી પ્રસાર પામશે નહિ. એકરૂપતા અને વિશાળતાને અપનાવવાથી જ જૈન ધર્મ વિશ્વમાં પોતાનું અસ્તિત્વ રાખી શકશે અને વિશ્વવ્યાપી બની શકશે.

આ સંદર્ભમાં આપણે સ્ત્રી-મુક્તિ પ્રશ્નને પણ વિશાળ દૃષ્ટિએ સાપેક્ષવૃત્તિથી અને અનેકાન્ત સિદ્ધાન્તની કસોટીથી પરખવાનો છે. જો આ કસોટી પર કસીને આપ એને જોશો તો નારી-મુક્તિ ખરૂં સોનું માલુમ પડશે, મુક્તિ કોઇ લિંગમાં બંધાઇને રહેતી નથી. મુક્તિ ગુણસ્થાનવર્તી ભાવોથી જ પ્રાપ્ત થઇ શકે છે. ક્ષાયિક શ્રેણીમાં ઉત્તરોત્તર ગતિ કરતો માનવ, કોઇપણ લિંગમાં હોય તો પણ મુક્તિ પ્રાપ્ત કરી શકે છે. મહાવીરની ઘોષણા છે કે 'મુક્તિની સાધનામાં જો કે શરીર બાધા પહોંચાડી શકતું નથી પણ એક દિવસ મુક્તિ પ્રાપ્તિમાં શરીરને પણ છોડવું પડે છે, આ ધ્રુવ સત્ય છે. આને શાશ્વત માનવું.' "**सम्यग्ज्ञान-दर्शन-चारित्राणि मोक्षमार्गः**" મોક્ષ પ્રાપ્તિનો માર્ગ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન તથા સાચું ચારિત્ર છે. આ માર્ગ સ્ત્રી અને પુરૂષ બન્નેને માટે સમાન છે. નપુંસકને માટે પણ આજ માર્ગ છે. સ્ત્રીઓને માટે જુદો માર્ગ ભગવાન વીરે બતાવ્યો નથી. એજ પ્રમાણે દાન, શીલ, તપ અને ભાવને પણ મુક્તિના માર્ગ કહેવામાં આવ્યા છે. નિર્જરા તત્વને કર્મબંધનો નાશ કરનાર અને સંવર તત્વને આવતા કર્મોને રોકનાર માનવામાં આવેલ છે. આ ધર્મ પણ સ્ત્રી પુરુષને માટે સમાન છે. નવા કર્મોનું આગમન રોકવું અને પૂર્વ કર્મ બદ્ધ કર્મોનો ક્ષય કરવા એ મોક્ષ માર્ગ છે. આ માર્ગ પર ચાલતા સ્ત્રીને વીર ભગવાને કદી રોકી નથી. પાંચ મહાવ્રત સ્વીકાર કરવામાં વીર ભગવાને સ્ત્રીને પાછળ રાખેલ નથી. વિવેક જાગૃત કરવાના હેતુએ એક અપેક્ષાએ જ સંયમ સાધનાને માટે પુરુષોને સ્ત્રીઓથી અને સ્ત્રીઓને પુરુષોથી દૂર રહેવાનો ઉપદેશ આપ્યો છે.

**धम्मो मंगल मुक्किट्ठं अहिंसा संजमो तवो।**
**देवावि तं नमंसंति जस्स धम्मे सया मणो॥**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને

" कृत्स्नकर्मक्षयो मोक्षः "

कषायमुक्तिः किल मुक्तिरेव । "

ઉપરોક્ત બન્ને મુક્તિસ્રોતોમાં સ્ત્રીને વંચિત રાખવામાં આવી નથી. અહિંસા સંયમ અને તપ પણ મુક્તિના માર્ગ છે. સંયમ પાળવાના નિયમોમાં સ્ત્રી–પુરુષની સાધના બતાવવામાં આવી છે. "ज्ञानक्रियाभ्यां मोक्षः" જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ મળે છે. એ પણ પ્રશસ્ત છે. પરંતુ સ્ત્રીને આ જ્ઞાન અને ક્રિયાઓથી વંચિત નહિ રાખીને, મોક્ષથી વંચિત રાખવી એ ક્યાંનો ઉપદેશ?

પુરુષ આચાર્યોએ સ્ત્રીઓ તરફ પોતાની ચિત્તા-કર્ષણની દુર્ભાવનાઓને સંઘની સામે વ્યક્ત કરવાની અપેક્ષાએ સ્ત્રીને નિન્દનીય બતાવીને પોતાની પ્રશસ્તિ કરી છે. આ પ્રકારની પ્રશસ્તિ અનેકાંત ધર્મી, વીરાનુયાયી ન કરી શકે. યથાર્થને મહત્ત્વ આપવું એજ વીરાનુયાયિઓનું કર્તવ્ય છે.

ત્યાંસુધી નારી સંસારની વિધાતા માતા છે અને રહેશે જ્યાંસુધી વિજ્ઞાન અન્ય રીતે સંસાર વર્ધનનો પ્રયોગ વિસ્તૃત ન કરે. દુનિયામાં સર્વ પ્રાણી દુઃખો અને અપ્રિય ભોગોપભોગથી મુક્તિ ઇચ્છે છે અને તે માટે નિરંતર પ્રયત્ન કર્યા કરે છે. નારીને પણ એજ ભૂખ છે, તે પાછળ ન રહી શકે. બુદ્ધિમાં નારી પુરુષ કરતાં એકદમ આગળ છે. પુરુષ નારીને સહધર્મિણી માનીને (શરીરમાં જેમ નાડીનું અસ્તિત્વ છે તેમ) ચાલે તો નારી સંબંધી મનાતી તમામ બાધાઓ લુપ્ત થઇ જાય. જે નારીની અપ્રાપ્તિમાં પુરુષ કેટલો ક્ષુબ્ધ થઇ જાય છે તે નારીની પ્રાપ્તિ પછી પુરુષ કેટલો નૃશંસ થઇ જાય છે. આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. તે એમ નથી સમજતો કે પુરુષ અને નારીનો પરસ્પર સંબંધ સમાનતાનો છે.

નારી જેટલી કોમળ છે એટલી જ પુરુષાર્થશીલ દુર્ગા પણ છે. જે જે ગુણોમાં પુરુષ આગળ વધેલો છે તે તે ગુણોમાં (સાધન મળે તો) સ્ત્રી પણ આગે બઢી શકે છે. આજના યુગે સાબિત કરી દીધું છે કે નારી હવે સાધન સંપન્ન હોવાથી પુરુષોથી આગળ વધવામાં પ્રયત્નશીલ છે. આજ નારી પુરુષની નૃશંસતા તરફ સજગ બની ગઇ છે. આ યુગને સંપ્રદાયવાદી કલિયુગ કે પાંચમો આરો કહે છે, પણ તેઓના કહેવા માત્રથી નારી પ્રગતિ રોકાઈ શકતી નથી. પુરુષોને નારી પર અત્યાચાર અને હત્યાચાર કરતા વર્ષો વીતી ગયા. હવે જેમ જેમ સમજણનું ક્ષેત્ર વિસ્તૃત થતું જાય છે, તેમ તેમ સ્ત્રી પણ આગે બઢી રહી છે. કેટલાક પુરાતનવાદી આને ઉચ્છૃંખલતા ભલે કહે, પણ આને સ્વતંત્રતાની તરફની પ્રગતિ કહેવી એ અધિક યોગ્ય છે. જો લૌકિક વ્યવહારના બંધનોને તોડીને નારી આગે બઢી શકે છે, તો સંસારચક્રના ભવભ્રમણ-માંથી મુક્તિ કેમ પ્રાપ્ત ન કરી શકે? નારી મુક્તિ ધર્માનુકૂલ છે. નારી મુક્તિ આત્મોન્નતિને માટે સાધક માન્યતા છે. તેથી હે વીરાનુયાયીઓ! પોતાના જુના કદાગ્રહને છોડો અને જ્ઞાન, વિજ્ઞાન અને ધર્મ સંગત સ્ત્રી મુક્તિનો સ્વીકાર કરી ધન્ય બનો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રાદ્ધ, પ્રતિક્રમણનાં સૂત્રો, નામાન્તરો અને વિષય વૈવિધ્ય

(પૃષ્ટ ૧૧થી ચાલુ લેખાંક સૂત્રો ૪૩–૪૭)

લેખક : હિરાલાલ ર. કાપડીયા (એમ. એ.)

૪૩. [1]ચઉક્કસાય–પાસનાહ જિણથુઇ–પાર્શ્વનાથ જિન સ્તુતિ.

ચારે કષાયોના નાશક, કામદેવને પરાસ્ત કરનાર, પ્રિયંગુ લતા જેવા વર્ણવાળા, હાથીના જેવી ચાલવાળા અને ત્રિભુવનના સ્વામી એમ પાંચ વિશેષણોથી મંડિત પાર્શ્વનાથના વિજયની ઉદ્ઘોષણા. શરીરના મનોરમ તેજોમંડળવાળા, (ધરણેન્દ્ર) નાગના મસ્તકમાં રહેલા પ્રહિતા કિરણોથી યુક્ત અને વીજળીથી અલંકૃત મેઘના જેવી શોભાવાળા એમ ત્રણ વિશેષણોથી વિભૂષિત પાર્શ્વનાથ તીર્થંકર પાસે મનોવાંછિત ફળની યાચના.

૪૪. [2]ભરહેસર સજ્ઝાય–ભરહેસર–બાહુબલિ–સજ્ઝાય–ભરતેશ્વર સ્વાધ્યાય, મુનિવરાદિ [3]૫૩ મહાપુરૂષો અને સાધ્વીઓ ઈત્યાદિ [4]૪૭ મહાસતીઓ–શીલસંપન્ન સન્નારીઓનો એમ સૌનો ઉલ્લેખ, મહાપુરૂષો પાસે પાપનાશક સુખની યાચના અને મહાસતીઓના જયનો નિર્દેશ. મહાપુરૂષોમાં ભરત ચક્રવર્તીનો અને મહાસતીઓમાં સુલસાનો સૌથી પ્રથમ ઉલ્લેખ છે. મહાસતીઓમાં અંજના સુન્દરી (હનુમાનની માતા અને પવનંજયની પત્ની) કુન્તી, જંબૂવંતી, દમયંતી, દેવકી, દ્રૌપદી, રૂકિમણી, સત્યભામા અને સીતા એ નામની સન્નારીઓનો ઉલ્લેખ વૈદિક હિન્દુઓમાં પણ જોવાય છે.

આ સજ્ઝાય રાત્રિક પ્રતિક્રમણ અંગેની છે.

૪૫. 'મન્નહ જિણાણં' સજ્ઝાય–સદનિચ્ચ દિણકિચ્ચ–શ્રાદ્ધ નિત્ય દિનકૃત્ય.

શ્રાવકે સુગુરૂના ઉપદેશથી ૯+૯+૭+૮+૩=૩૬ કૃત્યો જે કરવાનાં છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ.

૩૬ કૃત્યોની રૂપરેખા :–

૧. જિનેશ્વરોની આજ્ઞાનું સ્વીકાર અર્થાત્ જૈન આગમો વગેરેમાં સત્કૃત્યો અને દુષ્કૃત્યોની સમજણ અપાઈ હોઈ સત્કૃષ્યો કરવા અને દુષ્કૃત્યો વર્જવારૂપ આજ્ઞાનું પાલન.

૨. મિથ્યાત્વનો ત્યાગ.

૩. સમ્યક્ત્વનું ધારણ અર્થાત્ સાચી શ્રદ્ધા કેળવવી.

૪. છ સામાયિકાદિ છ આવશ્યકોનું પ્રતિદિન સેવન

૧૦ પર્વોમાં પૌષધ કરવો

૧૧–૧૪ દાન દેવું શીલ પાળવું તપ કરવો અને ભાવના ભાવવી.

---

૧. આનો ઉપયોગ સાધુઓ તેમજ બે વાર પ્રતિક્રમણ કરનાર શ્રાવક–શ્રાવિકાને જે અહોરાત્રમાં સાત ચૈત્યવંદન કરવાનાં હોય છે તે પૈકી સાતમા–અંતિમ ચૈત્યવન્દન વખતે કરાય છે. આનું દ્વિતીય પદ્ય 'ઉત્પ્રેક્ષા' અલંકારથી યુક્ત છે.

૨. આનો ઉપયોગ રાત્રિક પ્રતિક્રમણમાં પ્રભાતે કરાય છે.

૩. ૮+૧૦+૧૦+૮+૯+૮=૫૩.

૪. ૧૦+૧૦+૧૨+૮+૭ આ પૈકી આઠ તો કૃષ્ણની પટરાણીઓ છે જ્યારે સાત સ્થૂલભદ્રની બેનો છે અને સાત ચેટક નૃપતિની પુત્રીઓ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૫ સ્વાધ્યાય.

૧૬ નમસ્કાર મંત્રનો જાપ.

૧૭ પરોપકાર

૧૮ યતના ઉપયોગ સાવધાની

૧૯ જિનેશ્વરોનું પૂજન

૨૦ જિનેશ્વરોનું ગુણોત્કીર્તન

૨૧ ગુરુની સ્તુતિ કરવી.

૨૨ સાધર્મિક વાત્સલ્ય

૨૩ વ્યવહારની શુદ્ધિ સાચવવી

૨૪ રથયાત્રાની ઉજવણી

૨૫ તીર્થયાત્રા કરવી

૨૬–૨૮ ઉપશય, વિવેક અને સંયમનું સેવન

૨૯ ભાષા સમિતિનું પાલન કરવું.

૩૦ છયે કાયના જીવોનું રક્ષણ કરવું.

૩૧ ધાર્મિક જનોનો સંસર્ગ કરવો

૩૨ ઇન્દ્રિઓ ઉપર કાબુ મેળવવો

૩૩ ચારિત્ર લેવાની ભાવના રાખવી

૩૪ સંઘનું બહુમાન કરવું

૩૫ ધાર્મિક પુસ્તકો લખવા–લખાવવા અને એનો પ્રચાર કરવો

૩૬ તીર્થની જૈન શાસનની પ્રભાવના થાય તેવાં કૃત્યો કરવા

૪૬. સકલતીર્થ વન્દના.

બાર સ્વર્ગો, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર પૈકી પ્રત્યેકમાં રહેલાં જિનચૈત્યોને અર્થાત્ જિનેશ્વરોનાં ભવનોની સંખ્યા તેમજ કુલ સંખ્યાનો નિર્દેશ અને બધાં જિનચૈત્યોને વન્દન, સર્વે જિનભવનોની એકસરખી લંબાઈ ઊંચાઇ અને પહોળાઇનાં માપ, દરેક જિનભવનમાં [1]સભા સહિત ૧૮૦ જિનપ્રતિભાઓ અને તમામ જિનપ્રતિમાઓનો સંખ્યાનો ઉલ્લેખ અને ત્રિકાળ પ્રણામ.

ભવનપતિના આવાસોમાંનાં જિનચૈત્યો અને જિનપ્રતિમાઓની સંખ્યા દર્શાવી તેને નમન.

તિર્યગ્લોકમાં અર્થાત્ મનુષ્યલોકમાંનાં શાશ્વત જિન ચૈત્યો અને જિનપ્રતિમાઓની સંખ્યાનો નિર્દેશ અને એને [2]જુહાર એટલે કે નમસ્કાર.

વ્યન્તરો અને જ્યોતિષ્કોનાં આવાસોમાંનાં શાશ્વત જિન (બિંબો)ને પ્રણામ.

સદાયે ઋષભ, ચન્દ્રાનન, વારિષેણ અને વર્ધમાન [3]નામવાળા ચાર તીર્થંકરો.

સંમેતશિખર, અષ્ટાપદ, શત્રુંજય, ગિરનાર અને આબુ. શંખેશ્વર, કેસરિયાજી, તારંગાની જિન પ્રતિમાઓને તેમજ અંતરીક્ષ પાર્શ્વનાથ, જીરાવલા પાર્શ્વનાથ અને થંભણ (સ્તંભન) પાર્શ્વનાથના તીર્થોને પણ નમસ્કાર.

[4]પાટણ (?) વગેરે નગરો અને ગામોનાં ગૃહચૈત્યોને, વીસ વિહરમાણ જિનોને તેમજ અઢીદ્વીપમાંના ૧૮૦૦૦ શીલાંગના ધારક, પાંચ મહાવ્રતો, પાંચ સમિતિ અને પાંચ આચાર પાળનાર તથા પળાવનારા અને દ્વિવિધ તપશ્ચર્યા કરનારા મુનિઓને વન્દન.

(વધુ આવતા અંકે)

૧ દરેક દેવલોકમાં પાંચ પાંચ સભાઓ હોય છે. પરંતુ એકે ગ્રૈવેયકમાં કે અનુત્તર વિમાનમાં એકે સભા નથી.

૨ આ શબ્દ નવમી અને બારમી કડીમાં વપરાયો છે.

૩ આ નામો શાશ્વત છે. આથી એને શાશ્વત બિંબો કહે છે.

૪ શું આ વિશેષ નામ છે ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ પ્રસંગે

## શ્રમણ ભગવાન મહાવીર

મગધ દેશના ક્ષત્રિય સિદ્ધાર્થ નરપતિની રાણી ત્રિશલાના જનનીપદને દિપાવનારા, માતા-પિતાની ઉત્તમ સેવાનો બોધપાઠ પૂરો પાડનારા, વડીલ બંધુ નંદિવર્ધનની વિજ્ઞપ્તિને વશ થઇ સંસારમાં રહી બે વર્ષ સુધી ભાવ સાધુ તરીકે જીવન જીવનારા, વાર્ષિક દાન દેવાપૂર્વક ત્રીસમે વર્ષે સિદ્ધ પરમાત્માની સાક્ષીએ સર્વોત્તમ સામાયિક લઇ શ્રમણ બનનારા, છદ્મસ્થ દશામાં ઉત્કટ અને સતત તપશ્ચર્યા કરનારા, અને ભીષણ પરિષહોનો અન્યની સહાય વગર અને નિર્ભયરીતે અપ્રતિમ પ્રતિકાર કરનારા, બેંતાલીશમાં વર્ષે પારમાર્થિક સર્વજ્ઞતાને વરનારા, જાતિવાદને તિલાંજલિ આપી ગુણવત્તાને પોષનારા, ત્રણ ત્રણ ભવથી સમગ્ર જગતનું કલ્યાણ કરવાની ભવ્ય ભાવનાને સક્રિય સ્વરૂપ આપનારા, સંશય અને ભ્રમનો વિનાશ કરનારા, અનેકાન્તવાદથી સંપૂર્ણપણે ઓતપ્રોત તેમજ સર્વતોભદ્ર વિચારોને લોકભાષામાં વ્યાપક સ્વરૂપે સરળ રીતે વ્યક્ત કરનારા, જીવના જોખમે પણ સત્યની પ્રરૂપણા કરનારા, સન્નારીઓનાં બળ અને શીલનું સાચું અને સંપૂર્ણ મૂલ્ય આંકનારા સર્વોત્તમ શ્રમણના અને વિપ્રતાનો સુભગ સંયોગ સાંધનારા, ગ્રામાનુગ્રામ પાદવિહાર કરી જનતામાં ધર્મના સુધામય સંસ્કાર જાગૃત કરનારા, નિર્વાણ સમયે સોળ પ્રહર સુધી સતત મધુર સ્વરે દેશના દેનારા અને બોંતેરમે વર્ષે ઈ. સ. પૂર્વે ૫૨૭માં 'પાવાપુરી'માં મુક્તિપદને પામનારા તે શ્રમણ ભગવાન મહાવીર એ જ્ઞાતનંદન, દેવાર્ય, સ્વયંબુદ્ધ, અહિંસાના અવતાર, ધર્મધુરંધર, નિર્ગ્રન્થશિરોમણિ અને આસન્ન ઉપકારી મંગલ મૂર્તિને કોટિશઃ વંદન

("જ્ઞાનપુત્ર શ્રમણ ભગવાન મહાવીર. લે. પ્રો. હી. ર. કાપડીયા")

*

## સંશોધન

કહે તો ?....આમ બહાર શું શોધે છે?

એ સંશોધનમાં તમોને મળવાનું યે શું ?....બહાર ફાંફા ભલે મારો, મહેનત ભલે કરો, પણ ધ્યાન રાખજો કે જે તમારી અંદર અખૂટ ખજાનો ભર્યો છે એ ખજાનો નહિ જડે ત્યાં સુધી કુદરતના ઊંડાણોનું સંશોધન તમારૂં નિષ્ફળ છે. જે છે તે બધુંય તમારી પાસે છે, છુપાયેલું છે દૂર નથી. નાહક બહાર ફાંફા ન મારો.

એક ઘડી આંખ બંધ કરી મોનપણે સંસારની ધમાલને અલગ કરી વિચારોને...

"ઉર અને ઉજાસ" માંથી સાભાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

### संस्कृत ग्रंथो

| | |
|---|---|
| १ वसुदेव हिण्डी-द्वितीय अंश | १०-०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ ठ्ठो | २०-०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित-महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५-०० |
| ४. " " प्रताकारे | १५-०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०-०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५-०० |
| ७ तत्त्वार्थधिगमसूत्रम् | १५-०० |
| ८ प्रबंधपंचशती | १५-०० |

### અંગ્રેજી ગ્રંથો

| | |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

### ગુજરાતી ગ્રંથો

| | |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૦-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦-૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪-૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨-૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્ન ભા. ૨ | ૨-૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨-૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦-૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩-૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૦-૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૨-૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨-૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨-૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨-૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૨-૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨-૦૦ |
| ૧૭ સ્યાદ્વાદમંજરી | ૧૫-૦૦ |
| ૧૮ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૨-૦૦ |

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**


તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રકઃ હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only